Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||
|| શ્રી ગણેશાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

✻ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✻

June 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૭૭ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૬/૨૦૨૫ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### નિર્ણાયક ઘડી

### સર્વાંગી વિકાસ અર્થે

કોઈપણ રાષ્ટ્રની મજબૂતી માટે તેના પાયામાં યુવા શક્તિ, નારી શક્તિ, પરિપક્વ જનોની શક્તિ અને સમાજની શક્તિ રહેલી હોય છે.

આમ ચારેનું યોગદાન હોય, સંતુલન હોય, સવાંદ સમન્વય હોય તો રાષ્ટ્ર મજબુત બને. રાષ્ટ્રને યોગ્ય નેતાગીરી મળે, દિશા મળે તે માટે દર ૫ વર્ષે ચુંટણી યોજાતી હોય છે. જેમાં યોગ્ય ઉમેદવારને ચુંટીને મોકલીએ તો રાષ્ટ્ર ઉન્નત બને, સૌનું કલ્યાણ થાય.

એવી જ રીતે સમાજમાં પણ યોગ્ય રાહબર માટે ચુંટણી યોજાતી હોય છે. આપણી ક.ક.પાટીદાર સમાજ મુંબઈમાં દર ત્રણ વર્ષે ચુંટણી થાય છે. આ વર્ષ ૨૦૨૫-૨૮ માટેના ટ્રસ્ટીઓનું ચુંટણી વર્ષ છે. આ ચુંટણી પ્રક્રિયા ૧૮ મી જુન થી શરૂ થઈ રહી છે.

આ ચુંટણીમાં યોગ્ય અને સક્ષમ ઉમેદવારોએ ઉમેદવારી કરવી જોઈએ અને યોગ્ય ઉમેદવારને આપણે સૌએ સાથ પણ આપવો જોઈએ. તેમજ ટ્રસ્ટી બન્યા બાદ તેઓએ પણ આપણી ત્રણે વાડીઓના સંચાલન સાથે આપણી જ્ઞાતિના ઉત્કર્ષ માટે સતત પ્રયાસ કરતા રહેવું જોઈએ.

ખાસ કરીને આપણી ઘાટકોપર પાટીદાર વાડીને ૬૦ વર્ષ ઉપર થઈ ગયા છે. તેથી તેનું વહેલી તકે રીડેવલપમેન્ટ કાર્ય આગામી વર્ષોમાં

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા તારીખ ૦૭/૦૬/૨૦૨૫ના ઘાટકોપર વાડી, ડોંબીવલી વાડી તેમજ બોરીવલી વાડીમાં સફળતાપૂર્વક વિતરણ પાર પડેલ હતું.

જેમાં ઘાટકોપર વિસ્તારમાંથી ૩૮૪, બોરીવલી વિસ્તારમાંથી ૨૩૫, ડોંબીવલી વિસ્તારમાંથી ૫૦૫ તેમજ નવી મુંબઈ વિસ્તારમાંથી ૨૧૧ એટલે કે કુલ ૧૩૩૫ વિદ્યાર્થીઓએ આ આયોજનનો લાભ લીધેલ હતો.

**લી. કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ**

**ચેરમેન : શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી - મે.ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ શીવજી ભીમાણી**







# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ હંમેશા આપણી જ્ઞાતિના યુવાનોની પ્રતિભાને ઉજાગર કરવા માટે મંચ પૂરૂં પાડતું આવ્યું છે. તે શૃંખલાને આગળ વધારતા આ વખતે આપણી જ જ્ઞાતિના લોકલાડીલા એકટર એન્ડ ડાયરેક્ટર ચેતનભાઈ ધનાણી (રેવા ફિલ્મ ફેમસ)ની નવી રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ ''શસ્ત્ર''નું સ્પેશિયલ સ્ક્રિનિંગ ગુરૂવારે ૨૯-૦૫-૨૦૨૫ના સાંજે ૭.૦૦ વાગ્યે ઘાટકોપરના ઓડિયન મોલ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં આપણી જ્ઞાતિના સભ્યોએ શોને હૉઉસ ફુલ કરી ફિલ્મને આવકારી ચેતનભાઈને પ્રોત્સાહતિ કરેલ હતા. આ શૉમાં ફિલ્મના હીરો ચેતનભાઈએ વિશેષ હાજરી આપીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરેલ હતી. આ આયોજનમાં યુવા મંડળના પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયા, યુવા મંડળના સર્વે કારોબારી સભ્યો, શ્રી ક.ક.પા.જ્ઞા. ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટીઓ અને મહિલા મંડળના સભ્યોએ હાજરી આપેલ હતી.

યુવા મંડળના પ્રમુખશ્રી વિનયભાઈ છાભૈયા દ્વારા ચેતનભાઈ ધનાણીનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવેલ. ચેતનભાઈ ધનાણીએ યુવા મંડળના કાર્યોને વખાણ્યા અને પછી ફિલ્મ વિશે પોતાની લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું કે આજના ટેકનોલોજીના યુગમાં ઓનલાઈન ફ્રોડ વિષયને લઈને આવેલ આવી ગુજરાતી ફિલ્મ દરેક ગુજરાતી સુધી પહોંચવી જોઈએ સાથે સાથે શૉ હાઉસ ફુલ કરવા બદલ હાજર ઓડિયન્સનો પણ આભાર માન્યો હતો.

અંતમાં જ્ઞાતિજનોએ ફિલ્મના હીરો ચેતનભાઈ સાથે ફોટો પડાવી આ પ્રસંગને યાદગાર બનાવેલ હતો.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા**

**મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**



## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરની આગામી એજીએમ

**એજન્ડા**

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

૨) ઘાટકોપર યુવા મંડળના હિસાબ કિતાબની રજૂઆત અને બહાલી.

૩) પ્રમુખ સ્થાનેથી રજુઆત.

**તારીખ : ૨૦ જુલાઈ ૨૦૨૫**

**સમય : સાંજે ૫.૦૦ કલાકે**

**સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર**

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર**

**પ્રમુખ : મયુર તુલસીદાસ સેંઘાણી**

**મહામંત્રી : હેનાલી પુનીત પારસીયા**

***

## નવા સહતંત્રીની નિમણૂંક

ગત ૨૫ વર્ષથી નિયમિત ૧૫ તારીખ પ્રગટ થતું આપણા મુંબઈના ૪૫૦૦ પરિવારનું મુખપત્રક ''મુંબઈ પાટીદાર પ્રગતિ''ના તંત્રી શ્રી છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી (વતન કુરબઈ) સાથે સહતંત્રી શ્રી યોગેશ મણીલાલ રામાણી (વતન નખત્રાણા) અને શ્રી અશોકભાઈ વાલજીભાઈ અમૃતિયા (વતન કલ્યાણપર)ના પ્રયાસ થી ટપાલ અને વોટ્સ અપ દ્વારા નિયમિત આપણને મળે છે.

સહતંત્રી શ્રી અશોકભાઈ વ્યવસાયમાં વ્યસ્ત હોવાથી વધુ સમય ફાળવણી ન શકવાને કારણે સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકાર કરેલ છે અને મુંબઈ પાટીદાર પ્રગતી પરિવાર તેઓની ગત વર્ષોની સેવાની કદર કરીએ છીએ. તેઓના ખાલી પડેલ સ્થાન પર મહિલાઓનું પ્રતિનિધત્વ કરતા શ્રીમતી કુસુમબેન જયભાઈ રવિલાલ રામજીયાણી (વતન રામાપીર કંપા)ની ગત તા. ૦૨-૦૫-૨૦૨૫ના મળેલ પ્રકાશન સમિતિની બેઠકમાં સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ છે.

મુંબઈ યુવા મંડળ દ્વારા સૂચન પામેલ કુસુમબેન વતન ખેડોના પર્વતીબેન મણીલાલ અરજણ ખીમાણીના દિકરી છે અને હાલે ઘાટકોપર મહિલા મંડળના પ્રમુખ પદ પર સેવા આપી રહ્યા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સામાજિક ક્ષેત્રમાં આગળ પડતો ભાગ ભજવે છે. આ ઉપરાંત ગુરાતી સાહિત્ય ક્ષેત્રે પણ નોંધણીય કાર્યો કરી રહ્યા છે. અમે આવા ઉત્સાહિ અને કાબેલ કુસુમબેનને અન્ય સહ તંત્રી તરીકે આવકારીએ છીએ અને પ્રકાશ સમિતિમાં એમનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ)**

**ચેરમેન : શ્રી કાંતિલાલ સેંઘાણી**

**મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી શાંતિલાલ ભીમાણી**

## શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ એવમ હરિઓમ પરિવાર

### સદ્‌ગુરૂ વાલરામ મહારાજની પુણ્યતિથિ નિમિતે

## "સંધ્યા પાઠ" – વાલરામ લીલા મહોત્સવ

મુંબઈ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણી જ્ઞાતિના કુળદેવી ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની સનાતન જ્યોત પ્રજવલિત કરનાર સદ્‌ગુરૂ શ્રી ઓધવરામના શિષ્ય સદ્‌ગુરૂ શ્રી વાલરામ મહારાજની પુણ્યતિથિ નિમિતે ગુરૂ શ્રી હરિદાસજી મહારાજના સાનિધ્યમાં ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા એવમ્ હરિઓમ પરિવાર ભક્તોના સહયોગ સાથે સંધ્યાપાઠ, ભજન અને સંતવાણીનું આયોજન.

**તા ૨૨ જુન ૨૦૨૫ને રવિવાર**

**સમય બપોરે ૩.૩૦ કલાકે**

**ભજન વાલરામ મહિલા મંડળ તેમજ ઉમિયા મંડળ ઘાટકોપર દ્વારા.**

૪.૩૦ કલાકે   સંધ્યા પાઠ

૫.૩૦ કલાકે   સંતવાણી પુજ્ય સંત શ્રી હરિદાસ મહારાજ દ્વારા

૬.૩૦ કલાકે   ભજન તથા ઓધવરાસ

૮.૦૦ કલાકે   ઓધવ મહાપ્રસાદ

**સ્થળ પાટીદાર વાડી ઘાટકોપર વેસ્ટ, મુંબઈ**

**સર્વે જ્ઞાતિજનોને, ભક્તોને સંધ્યાપાઠમાં હાર્દિક નિમંત્રણ છે.**

નોંધ : મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ**

**ચેરમેન : કાંતિલાલ સેંઘાણી - મે.ટ્રસ્ટી : શાંતિભાઈ ભિમાણી**

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન........**

પાના નં. ૪થી ચાલું...

સૌ મહેમાનો દીપ પ્રાગટ્યના આમંત્રણને માન આપી હાજર રહેલ હતા.

પ્રોગ્રામ માટે ૧૫૩ રજીસ્ટ્રેશન આવેલ હતા જેમાં ૧૨૪ કુલ વિદ્યાર્થીઓ તેમજ પેરેન્ટ્સની હાજરી નોંધાઈ હતી.

પ્રોગ્રામની શરૂઆતમાં મહામંત્રી હેનાલી પારસીયાએ વકતાનો ટૂંકમાં પરીચય આપ્યા બાદ વકતા એ ૨ કલાક કરીયર અને એમા આવતી મુશ્કેલી તથા એના ઉપાયો પર ચર્ચાઓ કરી અને અંતમાં વિદ્યાર્થીઓના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા. સેમીનાર પૂર્ણ થયા બાદ મહામંત્રીએ આવેલ મહેમાનો તેમજ વિદ્યાર્થીઓ અને વકતાનો આભાર માન્યો. પ્રમુખ શ્રી મયુર સેંઘાણીએ પ્રોગ્રામમાં જોડાવા અને પ્રોગ્રામને સક્સેસ કરવા બદલ એડ્યુકેશ સમિતિના કન્વીનર અલ્પેશભાઈ હરિલાલ પારસીયા અને યુવા મંડળની ટીમનો આભારમાની અને ભવિષ્યમાં યુવા મંડળના નવા નવા આયોજનમોં પણ ઉત્સાહથી ભાગ લેવા પ્રોગ્રામમાં હાજર રહે સર્વેને વિનંતી કરી.

અંતમાં રાષ્ટ્રગાન અને ઉમિયા માં તથા લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવી પ્રોગ્રામને પૂર્ણ થયો. આવેલ મહેમાનો અને સર્વેએ ભોજન કરીને વિદાય લીધી.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર**

**પ્રમુખ : મયુર તુલસીદાસ સેંઘાણી**

**મહામંત્રી : હેનાલી પુનીત પારસીયા**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

## ફ્રોઝન શોલ્ડર
### (દવા વગર કુદરતી ઉપચાર)

- હાથ ના શોલ્ડર ના સાંધા માં થતા દુખાવાને ફ્રોઝન શોલ્ડર કહે છે . શોલ્ડરની સતત હલનચલનથી જે સ્નાયુમાં ખેંચાણ થાય છે અને શોલ્ડર અકડાઈ જાય છે તેને કારણે દુખાવો થાય છે.
- આ દુખાવો હાથના શોલ્ડર થી શરૂ થઈ હાથ ની આંગળીઓ સુધી વિસ્તરે છે.
- આજકાલની જીવનશૈલીમાં આધુનિક ઉપકરણો જેવી રીતે લેપટોપ મોબાઈલ નો એકધારો ઉપયોગ કરવાથી તેમજ વધારે વજન ઊંચકવાથી આ પ્રોબ્લેમ થાય છે.
- આ બીમારીનું નિવારણ ફિઝિયોથેરાપી અને પેનકિલર છે .આ પેનકિલર શરીર માટે હાનિકારક છે તો ચાલો દવા વગર આપણી આ પદ્ધતિથી સારવાર કરીએ.




હાથ ની પહેલી આંગળીમાં ત્રીજા જોઇંટ પર આખા રાઉંડ માં મેથી લગાડો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




પગ ની પહેલી આખી આંગળી માં મેથી લગાડો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.
(Li 15,Li 11, St 38)

**નોંધ** : જે સાઈડ ના હાથ માં શોલ્ડર પેન હોય તે સાઈડ ના હાથ અને પગ માં પોઈંટ લગાડવા.
**વિશેષ** : દરરોજ હાથના શોલ્ડર ના સાંધા ના ભાગ પર મન કેન્દ્રિત કરી એના બધા કોષ કોષિકા અને નાભિક માં પ્રાણ ની પોઝિટિવ ઊર્જા આપી શકાય છે.

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773   શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

**તંત્રી સ્થાને થી.....**

પાના નં. ૧થી ચાલું...

કરવું અતિ જરૂરી છે તેથી જે ઉમેદવારો ઉમેદવારી કરી ચુંટાઈ આવે કે વરણી પામે તેઓની આ બદલ વિશેષ જવાબદારી બની રહેશે.

ટ્રસ્ટીઓ બનતા તેઓને આપણી સમાજમાંથી માન-મોભોરૂત્બો મળતો હોય છે પણ તેઓએ અંગત સમય દાન સાથે ગાંઠના રૂપિયા પણ ખર્ચી અને નિર્સ્વાથ ભાવે સૌને સાથે રાખી સેવા કરવી પડતી હોય છે.

આવા સક્ષમ, નિરાભિમાની અને વિશેષ દ્રષ્ટિકોણ રાખતા ઉમેદવારોને ટ્રસ્ટી તરીકે ઉમેદવારી કરી સમાજ વિકાસમાં આગેવાની લઈ જોડાઈએ એવી અપેક્ષા ઉપરાંત હાલમાંજ પૂના સમાજને ૮૦ વર્ષ પૂર્ણ થતાં સહસ્ત્રચંદ્રદર્શન મહોત્સવના આયોજનમાં ભારતભરમાંથી સૌ પ્રતિનિધિઓની હાજરીમાં ખૂબજ ભાતીગળ પ્રોગ્રામ રજૂ થયો ને બીજા દિવસે લક્ષ્મીનારાયણ પાટોત્સવ નિમિતે શોર્યસભર શંખનાદ, લાઠીદાવ, તલવારબાજી વગેરેની રજૂઆત યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા થઈ જે પ્રેરણારૂપ હતી.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી તંત્રી**

**યોગેશ મણીલાલ રામાણી સહતંત્રી - કુસુમ જય રામજીયાણી સહતંત્રી**

# શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ - મુંબઈ દ્વારા આયોજીત "વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની"

## *Dmpowering your Financial Growth*

ગત કાર્યક્રમમાં આપણે સેલ્ફ ઈન્વેસ્ટમેન્ટ જર્નીના કાર્યક્રમને માણ્યો જીવનમાં આર્થિક ઉન્નતિ પણ તેટલી જ મહત્વની છે, તો ચાલો હવે આ સફરને આગળ વધારતા આર્થિક ઉન્નતિ એટલે કે "વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની"ની સફરની શરૂઆત કરીએ.

આ વિષયનાં નિષ્ણાતો દ્વારા આર્થિક ઉન્નતિનાં સૂત્રો જાણવાનો તેમજ માણવાનો પ્રયાસ કરીએ જેમાં આપણે નીચે મુજબના વિષયોને આવરી લેવાના પ્રયત્નો કરીશું.

1) Stock market - It's not luck, It's Logic.
2) Mutual Fund - Sahi Hai !!!
3) Insurance - Zindagi ke Sath Bhi, Zindagi ke Baad Bhi.

**તારીખ ૧૩ જુલાઈ, ૨૦૨૫ * સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ કલાકે**

**સ્થળ : પાટીદાર ભવન, ડોંબીવલી**

**કાર્યક્રમ પછી ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

**કાર્યક્રમમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે.**

રજીસ્ટ્રેશન કરવાની તારીખ ૧૫/૦૬/૨૦૨૫ થી ૧૦/૦૭/૨૦૨૫ રહેશે.

સંપર્ક સૂત્રો : (ફક્ત રજીસ્ટ્રેશન માટે)

૧) વેસ્ટર્ન વિસ્તાર : વૃતિક રામાણી ૭૭૩૮૬૨૭૪૬૦
૨) સેન્ટ્રલ વિસ્તાર : કાર્તિક સેંઘાણી ૯૯૮૭૭૬૫૦૫૧
૩) નોર્થ વિસ્તાર : દેવાંગ પોકાર ૭૦૨૧૧૨૧૨૧૧

નોંધ : કાર્યક્રમની વિસ્તૃત જાણકારી માટે સંપર્ક સૂત્ર મૌલિક બાથાણી ૮૧૦૮૮૮૧૬૪૨

શ્રી ક.ક.પા. સનાતન યુવા મંડળ - મુંબઈ

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા**

**મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

***

# પાટીદાર પ્રગતિ મુખપત્રમાં જાહેરાત આપવા બાબત

ભારત સરકારશ્રીના બદલાયેલ નિયમો મુજબ મુખપત્રકના પોસ્ટના ખર્ચમાં ધરખમ વધારો થયેલ છે. તો તે ખર્ચને પહોંચી વળવા મુખપત્રમાં જાહેરાત છાપવાનું નક્કી કરેલ છે. જેમાં ધંધાકીય તેમજ સ્વજનોના જન્મદિવસ, શ્રદ્ધાંજલી અને ખુશીના પ્રસંગોની જાહેરાત આપી શકાશે. જાહેરાત મુખપત્રકના અંદરના પાના પર છાપવામાં આવશે. જેના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| જાહેરાત | માસિક | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧/૪ પાનું | ૬,૦૦૦/- | ૧૭,૧૦૦/- | ૩૨,૪૦૦/- | ૪૮,૦૦૦/- |
| ૧/૨ પાનું | ૯,૦૦૦/- | ૨૫,૬૫૦/- | ૪૮,૬૦૦/- | ૯૬,૦૦૦/- |
| ફૂલ પાનું | ૧૭,૦૦૦/- | ૪૮,૪૫૦/- | ૯૧,૮૦૦/- | ૧,૮૦,૦૦૦/- |

Size : 1) 1/4 Page - 17 cm x 12 cm
2) 1/2 Page - 17 cm x 24 cm
3) Full Page - 34 cm x 24 cm

નિયમો : ૧) જાહેરાતની પીડીએફ ફાઈલ મહિનાના અંતિમ દિવસ સુધી ૧૦૦% એડવાન્સ પેમેન્ટ આપીને ઘાટકોપર વાડીમાં પહોંચાડવાની રહેશે.
૨) જાહેરાત છાપવાનો અંતિમ નિર્ણય પ્રકાશન સમિતિનો રહેશે.
૩) વધુ માહિતી માટે નીચેના સંપર્ક સૂત્રનો સંપર્ક કરશો.

શ્રી પ્રકાશભાઈ માવાણી : ૭૬૬૬૯૪૬૬૬૯
શ્રી શાંતિભાઈ ભિમાણી : ૯૮૨૦૪૦૦૨૦૧
શ્રી વિનયભાઈ છાભૈયા : ૯૮૯૨૯૨૨૮૪૯
શ્રી ભાવેશભાઈ પોકાર : ૯૮૩૩૧૪૩૬૩૬

***

# શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ (ઘાટકોપર)

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરની નવી કારોબારી સમિતિએ 'કરીયર સેમીનાર ૨૦૨૫'નું આયોજન ગત તારીખ ૨૫ મે ૨૦૨૫ના કરવામાં આવ્યું હતું. નવી સમિતિના નવા કાર્યકાળનું આ પ્રથમ આયોજન ખૂબ સફળ રહ્યું.

માં ઉમિયા અને લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવી મહામંત્રી હેનાલી પુનીત પારસીયાએ કાર્યક્રમની શરૂઆત કરી સમાજના મહાનુભવો એવા શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળના પ્રમુખ શ્રી મયુર તુલસીદાસ સેંઘાણી, શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી શાંતિલાલ શીવજી ભીમાણી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ બૃહદ મુંબઈ ઝોનના પ્રમુખ શ્રી કાંતિલાલ લખમશી લીંબાણી, મંત્રીશ્રી મહેન્દ્ર જીવરાજ સેંઘાણી, શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ રસિકલાલ નાકરાણી, મંત્રી શ્રી રૂપેશભાઈ ડાયાલાલ સાંખલા, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈના પ્રમુખ શ્રી વિનયભાઈ જેઠાલાલ છાભૈયા, સહમંત્રી રીતેશભાઈ નરશી સેંઘાણી, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણી, મંત્રી શ્રીમતી પૂનમબેન નરેન્દ્ર રામજીયાણી, શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપરના પ્રમુખ શ્રીમતી કુસુમબેન જય રામજીયાણી, મંત્રી શ્રીમતી મનીષામબેન રાજેશ વેલાણી. કરીઆર સેમીનારના વક્તા ડૉ. સુચિત્રા સુર્વી

અનુસંધાન પાના નં. ૩ પર...

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.
Editor : Shri Narayan Vishram Bhagat - Prince Apartment, Karani Lane, Opp. Union Bank, Ghatkopar (West), Mumbai - 400 086.